અરવલ્લી જિલ્લાના બાયડ પંથકમાં

ગેરકાયદે વૃક્ષછેદનની કામગીરી પૂરજોશમાં

પ્રાંત અધિકારી, મામલતદારની ચુપકીદીથી અનેક સવાલ : ફોલ્ડરીયો ઉવાચ : અમારા સાહેબને ગાંધીનગર સુધી ફરીયાદ કરશો તો પણ કોઈ નહિ સાંભળે

અરવલ્લી જિલ્લાના બાયડ પંથકમાં ગેરકાયદે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

વૃક્ષછેદનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આર.એફ.ઓ.નો ફોલ્ડરીયો જગજાહરે બોલી રહ્યો છે કે અમારા સાહેબને ગાંધીનગર સુધી ફરીયાદ કરશો તો પણ કોઈ નહિ સાભંળે, વનવિભાગમાં પૈસા આપીને મલાઈદાર જગાઓ ઉપર પોસ્ટીંગ મેળવાતું હોવાની લોકચર્ચા જામી છે. જ્યારે દરરોજ બાયડમાંથી ૪૦ વધુ ટ્રેક્ટરમાં લીલું લાકડું સોમીલ તેમજ અન્ય જિલ્લામાં ઘર કરી જતું હોવા છતાં પ્રાંત અધિકારી અને મામલતદારની ચુપકીદીથી અનેક સવાલ ઉભા થયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના માલપુર અને બાયડ તાલુકામાં ગેરકાયદે વૃક્ષછેદનને સરકારે લીલી ઝંડી આપી હોય તે રીતે દરરોજ સમી સાંજથી પરોઢ દરમ્યાન વાયા બાયડ થઈ અનેક ટ્રેક્ટરોમાં લીલું લાકડું ભરીને અન્ય વિસ્તારોમાં ઠાલવી દેવામાં આવી રહ્યું છે. વનવિભાગ અને વીરપ્પનો વચ્ચે એટલી હદે સાંઠગાંઠ છે કે કોઈ બાતમીદાર ગેરકાયદે વૃક્ષછેદનની વિગતો જણાવે એટલે ગણતરીની મિનિટમાં વીરપ્પનોને તમારી વિરૂદ્ધમાં ફરીયાદ આવી છે તેવી જાણકારી આપી દેવામાં આવે છે. મોડાસામાં બેઠેલા આર.એફ.ઓ. તેમના મળતિયા મારફતે એવી રીતે સિન્ડીકેટ ચલાવી રહ્યા છે કે પોતે હરિશ્ચંદ્રનો અવતાર હોય તે રીતે વીરપ્પનોને છોડવામાં નહિ આવે તેવી સુફીયાણી વાતો કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકારના વનમંત્રી દ્વારા બાયડ તાલુકામાં ફૂલીફાલેલી વૃક્ષછેદન પવૃત્તિ ઉપર અંકુશ મુકવામાં નહિ આવે તો બાયડ તાલુકામાં આવનારા વર્ષોમાં વનરાજી ભ્રષ્ટ અધિકારીઓના કારણે નામશેષ થઈળ જાય તે દિવસો બહુ દુર નથી.

વન વિભાગમાંથી હાંકી કાઢેલો કર્મચારી ફોલ્ડરીયો

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકામાં લીલાં વૃક્ષોનું ગેરકાયદે નિકંદન કાઢવામાં આવે છે અને તેમાં વનવિભાગમાંથી હાંકી કાઢવામાં આવેલો એક કર્મચારી ફોલ્ડરીયો બની ગયો છે. પહેલા અધિકારીઓને લાકડાંની હેરાફેરી કરનારા લોકો સાથે બેઠક કરાવી તેમની રીતસરની હનીટ્રેપ થાય છે અને ત્યાર પછી શરૂ થાય છે લીલાં વૃક્ષોનો કાળો કારોબાર. જિલ્લા કલેક્ટર દ્વારા ગેરકાયદે વૃક્ષછેદનની કામગીરી અટકાવવા યોગ્ય પગલાં નહિ ભરાય તો પર્યાવરણ પ્રેમીઓ લીલાં લાકડાં ભરી જતાં વાહનો રોકી પોલિસને સુપ્રત કરશે તે દિવસો દુર નથી.

અધિકારીઓના કારણે નામશેષ થઈળ જાય તે દિવસો બહુ દુર નથી.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખના વર્તન સામે કેટલાંક સભ્યોમાં નારાજગી

સાચી રજુઆત પણ સાંભળતા ન હોવાના આરોપ, મામલો ગમે તે ઘડીએ કમલમ્ ગાંધીનગર પહોંચશે

હિંમતનગર, તા.૧૪

અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપની બહુમતિથી સત્તા આવી છે હવે ભાજપના કેટલાંક સભ્યોમાં પ્રમુખના વાણી-વર્તન સામે અસંતોષ સાથે નારાજગીનું પ્રમાણ વધ્યાની લોકચર્ચાએ કોંગ્રેસને ખુશ કરી દીધી છે. મહિલા સભ્યએ કરેલા આક્ષેપ મુજબ પોતાની સાચી રજુઆત સાંભળવામાં આવતી નથી. જેથી આ મામલે ગમે તે ઘડીએ કમલમ્ ગાંધીનગરમાં યોગ્ય આધારસહ દસ્તાવેજ સાથે અરવલ્લી જિલ્લા પંચાયતમાં ચાલતી મનમાનીની રજુઆત થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને નગર પાલિકાઓમાં ભાજપનું શાસન છે પરંતુ આ તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એકાદ બે સંસ્થાઓને બાદ કરતાં મોટાભાગની સંસ્થાઓમાં પદઅધિકારીઓ મનમાની કરતા હોવાના આરોપ લાગ્યા છે. ભાજપ સંગઠનમાં આ અંગે રજુઆત થાય તો તેના ઉપર ઠંડું પાણી ઢોળી દેવામાં આવ્યું છે. પરંતુ હવે લાગે છે કે અનેક સભ્યોને પોતાનું સ્વમાન હણાતું હોય તેના કરતાં મોરચો માંડી ચાલતી લાલીયાવાડીનો પર્દાફાશ કરવાનુ મન મનાવી લીધું છે. અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખના વર્તન સામે ધીરે-ધીરે નારાજગીનો સુર ઉભો થયો છે. પોતે કહે તે જ ખરું. કેટલાંક સભ્યોની વાત સાંભળવામાં આવતી નથી અને જાણે કે સભ્ય તુચ્છ વ્યક્તિ હોય તેવો વર્તાવ થઈ રહ્યાની ગરમા-ગરમ લોકચર્ચા સાંભળવામાં આવી રહી છે. રાજકીય પક્ષ હોય કે પછી પદાધિકારીએ એક વાત સમજી લેવી જોઈએ કે પ્રજા કે સભ્ય કોઈની જાગીર નથી. લોકશાહીમાં સાચી રજુઆત કરવાનો દરેકને અબાધિત અધિકાર છે. જિલ્લા પંચાયત સદસ્ય તરીકે ચુંટાયા પછી ૫ વર્ષ સુધી લોકોના પ્રશ્નોના ઉકેલ લાવવાનું કામ હોય છે અને ઉકેલ ન આવે એટલે જવાબદાર પદાધિકારીને રજુઆત થાય છે પરંતુ આવી વાતો વર્ષો સુધી ચીટકી રહેવાનું અભય વચન મળ્યું હોય તેવું વર્તન કેટલાંક સભ્યો સાથે થતાં હોવાના આરોપ લાગ્યા છે. આવનારા દિવસોમાં અનેક પ્રકારના ચોંકાવનારાં ઘટસ્ફોટ થઈ શકે છે.

મારી સાથે ખરાબ વર્તન થઈ રહ્યું છે : મહિલા સદસ્ય

ભાજપના મહિલા સદસ્યએ જણાવ્યું કે હું પ્રમુખ સમક્ષ રજુઆત કરવા જઉં ત્યારે મારી સાથે ખરાબ વર્તન થાય છે. એક તબક્કે હું અપમાનિત થઈ ત્યારે રાજીનામું આપવાનું વિચાર્યું હતું પરંતુ મારા વિસ્તારના મતદારોએ ખોબલે ખોબા ભરી મત આપ્યાં અને રાજીનામું આપી દઉં તો તેમની સાથે અન્યાય થયાનું લાગ્યું. જેથી હવે ન છૂટકે કમલમ્ ગાંધીનગરમાં અરવલ્લી જિલ્લા પંચાયતમાં ચાલતી લાલીયાવાડી અને પ્રમુખની મનમાની સામે યોગ્ય રજુઆત કરવાનો નિર્ણય લીધો છે મારા વિસ્તારમાં ગ્રાન્ટ ફાળવવામાં પણ બેધારી નીતિનો મહિલા સદસ્યએ આરોપ લગાવ્યો છે.

માલપુર તાલુકામાં વિજીલન્સ તપાસ પછી મીટર કૌભાંડ ધૂણ્યું

ડેપ્યુટી ઈજનેરની તાબડતોબ બનાસકાંઠા બદલી : ગેટ પાસ વગર મીટર લાગ્યાં, ભળતા નામે મીટરો આપવાનું ભારે પડ્યું

બાયડ, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં વિજતંત્રના ભ્રષ્ટ અધિકારીઓએ મીટર લગાવવામાં કૌભાંડ આચર્યું હોવાની અગાઉ ફરિયાદ ઉઠ્યા પછી મહેસાણા વિજીલન્સ દ્વારા માલપુર તાલુકામાં તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ગેટ પાસ વગર મીટર લાગ્યાં હોવાની ગંભીર હકીકતો સામે આવી છે. કેટલાક મીટર ભળતા નામે આપી દેવાયા હોવાનું જણાતાં વિજીલન્સની તપાસ દરમ્યાન માલપુર સબડીવીઝન કચેરીના ડેપ્યુટી ઈજનેરની તાત્કાલિક બનાસકાંઠામાં બદલી કરવામાં આવતાં વિજતંત્રને હાઈવોલ્ટેજ આંચકો લાગ્યો હોય તેવી સ્થિતિ છે.

ઉત્તર ગુજરાત વિજ કંપનીની કચેરીઓમાં ઉચ્ચ અધિકારીઓ કોઈને કોઈ બહાને ખિસ્સાં ભરવા હંમેશા તત્પર રહેતા હોય છે. મેન્ટેનન્સના નામે ખોટાં બીલ મૂક્યાં, નીતિ નિયમોને નેવે મૂકી માનીતાઓને બારોબાર વિજ કનેક્શન આપી દેવાથી માંડી મીટર લગાવવામાં પણ ભ્રષ્ટાચાર આચરાતો હોય છે. જિલ્લામાં વિજતંત્રના અધિકારીઓએ ઝૂંપડપટ્ટી તેમજ અન્ય ગ્રાહકોને વિજ મીટર લગાવી આપવામાં નીતિ નિયમોનો છેદ ઉડાડી કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદી ઘણા લાંબા સમયથી ઉઠતી હતી પરંતુ સ્થાનિક ઉચ્ચ અધિકારીઓ આ બાબતે આંખ આડા કાન કરતા આવ્યા જેમાં આખરે મીટર કૌભાંડની ગુંજ મહેસાણા વિઝીલન્સ સુધી પહોંચી હતી. જેમાં વિજીલન્સની ટીમોએ માલપુર તાલુકામાં તાજેતરમાં તપાસ શરૂ કરી જેમાં ગેટ પાસ વગર મીટરો આપી દેવાયા હોવાની હકીકત સામે આવી. આ ઉપરાંત ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પણ મીટર લગાવવામાં ગેરરીતીઓ અને ભળતા નામે મીટરો લગાડ્યા હોવાની જાણકારી મળતાં વિજીલન્સના અધિકારીઓ દ્વારા માલપુર ડેપ્યુટી ઈજનેર એ.જી. વાઘેલાને મીટરની ગેરરીતીઓ મુદ્દે કસૂરવાર ઠેરવી તાત્કાલિક બનાસકાંઠામાં બદલી કરી હોવાની વિગતો બહાર આવી છે.

મીટર લાગ્યાં પણ બે વર્ષથી લાઈટબીલ ન આવતાં ગ્રાહકો ચોક્યાં

માલપુર તાલુકામાં વિજ મીટર લગાવવામાં ગેરરીતીઓ સામે આવ્યા પછી સબડીવીઝન કચેરીના ડેપ્યુટી ઈજનેરની બદલી કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ તાલુકાના કેટલાક વિસ્તારોમાં તો ૨ વર્ષથી મીટર લાગ્યાં હોવા છતાં ગ્રાહકોના ઘરે લાઈટબીલ ન આવતાં ચોંકી ઉઠ્યાં હતા. જ્યારે કેટલાંક ભળતા નામનાં મીટર લાગ્યાં હોવાથી આખરે જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચકક્ષાએ ફરિયાદ થયા બાદ વિજીલન્સની તપાસમાં અનેક પ્રકારની ગેરરીતી સામે આવતાં હજુ પણ કેટલાક કર્મચારીઓ ઉપર બદલીની તલવાર લટકી છે.

જિલ્લામાં ઉનાળા પૂર્વે ૭૦થી વધુ નાના-મોટા તળાવો તળીયા ઝાટક

મૂંગા પશુધન માટે પીવાના પાણીનાં વલખાં થશે

બાયડ, તા. ૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળાની હજુ વિધિવત આરંભ થયો નથી તેમ છતાં ૭૦૦ થી વધુ નાના-મોટા તળાવો તળીયા ઝાટક થયાં છે. આગામી સમયમાં મૂંગા પશુધન માટે પીવાના પાણીની ગંભીર સ્થિતિ ઉભી થવાના અણસાર છે. ચોમાસા દરમ્યાન અપૂરતા વરસેલા વરસાદના કારણે માત્ર મોટા જળાશયોમાં જ પીવાના પાણીનો જીવંત જથ્થો આરક્ષિત છે પરંતુ તળાવોની સ્થિતિ ચિંતાજનક જણાય છે.

ગત ચોમાસા પૂર્વે વરસાદના ફોગટમાં વહી જતા પાણીને સંગ્રહીત કરવા માટે મહાજળ અભિયાન ચલાવાયું. ઠેકઠેકાણે ચેકડેમ તેમજ તળાવો ઉંડા કરી પાણીનો વધુ સંગ્રહ થાય તેવા પ્રયાસ કરવામાં આવ્યા પરંતુ અપૂરતા વરસાદના કારણે પાણીનો વધુ સંગ્રહ થઈ શક્યો ન હતો જેથી હવે શિયાળાના અંત ભાગમાં જ તળાવોમાંથી પાણી અદ્રશ્ય થયાં છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી અને પોશીના સહિતના વિસ્તારોમાં તળાવો તળીયા ઝાટક થવાથી આગામી ઉનાળામાં મૂંગા પશુધન માટે પીવાના પાણીનાં વલખાં પડી શકે છે. બંને જિલ્લામાં અંદાજીત ૭૦૦થી વધુ તળાવોમાંથી સંગ્રહીત પાણી અદ્રશ્ય થયાં છે જેના કારણે પશુપાલકોની ચિંતામાં વધારો થયો છે. તળાવો લાખો રુપિયાનું આંધણ કરી ઉંડાં કરવામાં આવ્યાં અપેક્ષા મુજબ વરસાદી પાણી સંગ્રહીત થયું ન હોવાથી તળાવોએ ચિંતા જન્માવી છે.

નર્મદાના પાણીથી તળાવો ભરવાની યોજના ઉપર મદાર

ઉનાળાના આરંભ પૂર્વે તળાવો સૂકા ભઠ્ઠ બન્યા છે. સરકાર દ્વારા નર્મદાની પાઈપલાઈનથી ૨ થી ૩ કી.મી. દૂરના તળાવોને પણ હવે યોજનામાં સમાવી લઈ તળાવો ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અરવલ્લી સહિતના વિસ્તારોમાં ટેન્ડર પ્રક્રિયા શરુ થઈ છે. જો કે યોજનાને સાકાર થતાં હજુ ઘણો સમય લાગી શકે તેમ હોવાથી સરકાર નર્મદાનાં પાણીથી તળાવો ભરવાની યોજના જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરે તેવું ખેડૂતો અને પશુપાલકો ઈચ્છી રહ્યા છે.

મોડાસામાંથી આણંદ પેરોલ ફર્લો સ્કવોર્ડ ફરાર આરોપીને દબોચ્યો

મોડાસાના બસ સ્ટેશન વિસ્તારમાં આણંદ પેરોલ ફર્લો સ્કવોર્ડ બાતમીના આધારે વોચ ગોઠવી ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં ૬ વર્ષથી ફરાર આરોપીને દબોચી લીધો છે. ઠગાઈનો આરોપી બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો તેમજ પંજાબના તબેલામાં છૂટક મજૂરી કામ કરી પોલીસથી બચતો રહ્યો પરંતુ આખરે બાતમી મળતાં કોર્ડન કરી અટકાયત કરવામાં આવી હતી. પોલીસને ચકમો આપી ગંભીર ગુનાઓમાં ભાગેડુ જાહેર થયેલા આરોપીઓને તાત્કાલિક પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે ઉચ્ચકક્ષાએથી અપાયેલી સૂચનાને પગલે આણંદ પેરોલ ફર્લો સ્કવોર્ડ નાસતા ફરતા આરોપી અશોક પરસોત્તમભાઈ પટેલની શોધ શરુ કરી જેમાં તે બાયડની આસપાસ તેમજ પંજાબમાં વિવિધ તબેલાઓમાં છૂટક મજૂરી કરતો હોવાનું જાણવા મળ્યું.

હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં સ્માર્ટ લાયસન્સ કાઢવાનું કામ ખોરંભે

૩૦૦૦ થી વધુ વાહનચાલકો સ્માર્ટ લાયસન્સથી વંચિત : કાર્ડ તૈયાર કરવાની સામગ્રીનો અભાવ..!!

બાયડ, તા. ૧૪

હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં સ્માર્ટ કાર્ડ કાઢવાની કામગીરી ખોરંભે પડી છે. અંદાજીત ૩૦૦૦ થી વધુ વાહનચાલકોએ સ્માર્ટ લાયસન્સ કાર્ડ માટે વિભાગ સમક્ષ પૂરતા દસ્તાવેજો આપી દીધા હોવા છતાં સામગ્રીના અભાવે કાર્ડ ઈસ્યુ થઈ શક્યાં ન હોવાની વિગતો બહાર આવી છે.

સરકારે ડ્રાઈવિંગ લાયસન્સના નિયમો હળવા કરતાં લાયસન્સ ઈચ્છુકોએ રાહત અનુભવી છે પરંતુ હિંમતનગરની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં થતી લાયસન્સ ઈસ્યુની વર્તમાન કામગીરીમાં જવાબદારો લાપરવાહ જણાઈ રહ્યા છે. વાહનચાલકોને સામાન્ય કામ માટે પણ ધક્કા થતા હોય છે. હમણાંથી સ્માર્ટ લાયસન્સ કાર્ડ માટે વાહન ચાલકોને હાલાકીમાં મૂકાવવાનો વારો આવ્યો છે. કાર્ડ તૈયાર કરવાની સામગ્રીની કચેરીમાં દુકાળ પડતાં અંદાજીત ૩૦૦ થી વધુ અરજદારોના સ્માર્ટ લાયસન્સ કાર્ડની કામગીરી વિલંબમાં પડી છે. આર.ટી.ઓ. કચેરીનો વહીવટ ડીઝીટલ યુગમાં પણ ગાડા યુગમાં ચાલતો હોય તેવી પ્રતિતિ કાર્ડ ન મળવાથી વાહનચાલકો અનુભવી રહ્યા છે. એક તરફ સરકાર વાહન લાયસન્સની કામગીરી વધુ સુલભ બનાવવા માટેના પ્રયાસ કરી નવા નિયમો જાહેર કરે છે ત્યાં જૂના લાયસન્સ ધારકો અને સ્માર્ટ લાયસન્સ છતાં અરજદારોની હાલાકી ઓછી થવાનું નામ લેતી નથી. હિંમતનગર ખાતેની આર.ટી.ઓ. કચેરીમાં સામગ્રી જેવી બાબતમાં માટે લાયસન્સ કાર્ડ કાઢવાનું કામ જ અટકી પડ્યું છે.

અરવલ્લીમાં કોંગ્રેસના સહકારી આગેવાનનો ભાજપ પ્રવેશનો તખ્તો તૈયાર

ગુજરાત સ્ટેટ કો.ઓપ. ગ્રેઈનગોઅર્સ ફેડરેશનના ડિરેક્ટર તરીકે વરણી

અરવલ્લીમાં ભાજપને વધુ મજબૂત બનાવવા માટે કોંગ્રેસ સહકારી આગેવાનોને ભાજપ પ્રવેશનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. સાબરકાંઠા બેન્કના એમ.ડી. તેમજ અરવલ્લી જિલ્લાની અનેક સહકારી સંસ્થાઓમાં કાર્યરત સહકારી આગેવાન પંકજ પટેલની ગુજરાત સ્ટેટ કો.ઓપ. ગેઈનગોઅર્સ ફેડરેશનના ડિરેક્ટર તરીકે વરણી થતાં સહકારી આગેવાનોમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં ભાજપ સ્થાનિક સ્વરાજ્યના જંગમાં ફતેહ મેળવી શક્યું છે પરંતુ વિધાનસભા ચૂંટણીના જંગમાં ફતેહ મેળવવામાં નિષ્ફળ રહ્યું છે. ગત વર્ષે યોજાયેલા સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ભાજપે ૨ ટકા બેઠકો ઉપર અકલ્પનિય જીત મેળવી છે. આગામી વર્ષના અંતમાં ભિલોડા, મોડાસા અને બાયડ વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે તે પૂર્વે ભાજપ દ્વારા કોંગ્રેસના ગઢમાં બાકોરાં પાડવાની શરુઆત કરી છે. મોડાસામાં કમલમ્ અરવલ્લીના લોકાર્પણ સમયે પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં કોંગ્રેસના કેટલાક સહકારી આગેવાનો ભાજપમાં જોડાય તેવો તખ્તો ગોઠવાયો પરંતુ સ્થાનિક કક્ષાનો વિરોધ વધતાં તે મુલત્વી રહ્યાનું ચર્ચામાં હતું અને હવે કેટલાક કોંગ્રેસ ગોત્રના સહકારી આગેવાનો ભાજપમાં પ્રવેશ મેળવે તેવું તંત્ર ગોઠવાયું છે. સાબરકાંઠા મધ્યસ્થ બેન્કના મેનેજીંગ ડિરેક્ટર, મોડાસા સહકારી જીન ચેરમેન અને મોડાસા માર્કેટયાર્ડ રિક્ટર પંકજ પટેલની ૨ દિવસ અગાઉ ગુજરાત સ્ટેટ કો.ઓપ. ગ્રેઈન ગીઅર્સ ફેડરેશન લી.ના ડિરેક્ટર તરીકે બિનહરીફ વરણી થતાં ભાજપના અનેક સહકારી આગેવાનોને અંદરખાને પસંદગી ગમી ન હોવાનું જાણવા મળ્યું છે પરંતુ પંકજ પટેલની વરણી જો ભાજપના પ્રવેશ સબંધિત હશે તો મોડાસા વિધાનસભા ક્ષેત્રમાં ભાજપને ઓ. બી.સી. મત બેન્ક ઉપર વધુ ફાયદો મળશે તેવું ગણિત મંડાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ૪ દિવસમાં ભિલોડા મેઘરજ તાલુકો કોરોના હોટસ્પોટ

રાજ્યમાં કોરોના સંક્રમણ ધીમું પડ્યું છે. ત્રીજી લહેર અંત ભણી હોવાના અણસાર સામે આવ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પાછલા ૪ દિવસ દરમ્યાન ભિલોડા-મેઘરજ તાલુકો કોરોના હોટસ્પોટ હોવાનું જણાઈ રહ્યું છે. બંને તાલુકામાં ૪૯ પોઝિટિવ કેસ નોંધાયા છે ત્યારે શું અન્ય તાલુકામાંથી કોરોનાએ ઉચાળા ભર્યા છે ? તેવો પ્રશ્ન સ્વાભાવિક છે.

અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણ કાબુમાં આવતું હોવાના દાવા વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા દરરોજ સમી સાંજે કોરોના પોઝિટિવ દર્દીઓના આંકડા જાહેર કરવામાં આવે છે. છેલ્લા કેટલાય સમયથી અરવલ્લી આરોગ્ય વિભાગ સામે પ્રથમ લહેરથી જ કોરોનાના સાચા આંકડા જાહેર નહીં કરવાના આરોપ લાગેલા છે. ત્રીજી લહેરમાં સાબરકાંઠા જિલ્લામાં અગાઉ દરરોજ ૧૦૦ થી વધુ કેસ નોંધાતા હતા તેની સામે અરવલ્લીમાં માંડ ૧ થી ૨ ડઝન દર્દીઓ નોંધાતા હતા તે જોતાં કોરીના પોઝિટિવ કેસના આંકડા જાહેર કરવામાં જાદુઈ માયાજાળ રચાયાના આક્ષેપ પણ થતા રહ્યા છે. પાછલા ૪ દિવસ દરમ્યાન મોડાસા, બાયડ જેવા હોટસ્પોટ બનેલા સેન્ટરમાં કરોનાના નહીંવત કેસથી અનેક પ્રકારની આશંકા ઉભી થઈ છે. ભિલોડા અને મેઘરજ તાલુકો કે જે બંને તાલુકા આદિવાસી વિસ્તારો છે. સંક્રમિત કેસમાં ઉછાળો આવતાં બંને કોરોના હોટસ્પોટ બન્યાની આશંકા સેવાય છે.